| Innovation ID | DTP0010000002737 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** ગરમાળા (Cassia fistula)ની શીંગ અને ડુંગળી (Allium cepa), મરઘા માટે શક્તિ વર્ધક

**Category** પશુ સંવર્ધન

**Notebook Number** lok (૩) ૨ Mar-Apr-૧૯૯૮, Pg No. ૭

**Brief** મરઘાંને ઝાડા બિમારી અને નબળાઈ આવી જાય ત્યારે ગરમાળ (Cassia fistula) ની શિંગો તથા ડુંગળી (Allium cepa) અને પાણીનો ઉપયોગ કરવો.

**Detail** પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના ગડીયા ગામના આદિવાસી ખેડૂત ભીખાભાઈ લીબાભાઈ ખેતીની સાથે સાથે ૪૦ થી ૫૦ મરઘાં રાખી પૂરક આવક મેળવે છે.

મરઘાંને ક્યારેક ખૂબ ઝાડાને લીધે નબળાઈ આવી જાય છે. જેથી મરઘાં ખૂબ થાકી ગયા હોય અને ઉંઘતા હોય તેમ સૂનમૂન બેસી રહે છે. મોટા ભાગના મરઘાંને આવા પ્રકારનો રોગ થાય છે. આવા સમયે મરઘાંને શક્તિ મળે તે માટે ભીખાભાઈએ ગરમાળાની શીંગ તથા ડુંગળી અને લસણનો ઉપયોગ કર્યો છે.

ગરમાળા (Cassia fistula)ની લીલી શીંગો લઈ તેના નાના ટુકડા કરી તેમાં પાણી નાખી વાટીને ૧૦૦ ગ્રામ રસમાં લસણ (Allium sativum)નો એક ગાઠીયો અને ડુંગળી (Allium cepa)નો અર્ક તેમજ ૧૦૦ ગ્રામ જેટલું પાણી ઉમેરવામાં આવે છે. આ મિશ્રણ ખાવાથી મરઘાંને એકાદ દિવસમાં રાહત થઈ જાય છે.

ભીખાભાઈનું કહેવું છે કે, અમારા આદિવાસી વિસ્તારમાં આ રોગના ઉપચાર માટે ઘણાં લોકો આ પદ્ધતિનો ઉપયોગ કરે છે અને તેઓના મરઘા સાજા થઈ પણ જાય છે.

(ડૉ. અંજારીયાના જણાવ્યા મુજબ ગરમાળો રેચક હોવાથી પેટ સાફ આવતા ચરક નરમ થાય છે અને ખાસ કરીને નાના મરઘામાં આ મિશ્રણ સ્વાસ્થ્ય સુધારક છે.)

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** ગરમાળા (Cassia fistula)ની શીંગો, લસણ (Allium sativum), ડુંગળી (Allium cepa)

**IPR Status**

**Keywords** ગરમાળા, Cassia fistula, શીંગો, લસણ, Allium sativum, ડુંગળી, Allium cepa, મરઘા, શક્તિવર્ધક, પંચમહાલ

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૪૯ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | પ્રવિણકુમાર | Middle Name | નાથાભાઈ | Last Name | વણકર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ધામણિયા | Taluka | લુણાવાડા | | |
| District | Panchmahals | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૮૭ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | ભીખાભાઈ | Middle Name | લીંબાભાઈ | Last Name | સોલંકી |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ગડીયા, પો. સરાડીયા | Taluka | લુણાવાડા | | |
| District | Panchmahals | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000004277 | Sr No : 2 |
|---|---|---|

**Innovation Title** પશુને વિયાણ બાદ મેલી ન પડે તો (Retension of Placenta)

**Category** પશુ સંવર્ધન

**Notebook Number** Lok(૮)૩, June-૨૦૦૩, Pg.no.૮

**Brief**
પશુને વિયાણ બાદ મેલી ન પડે (Retension of Placenta) તો કપાસ (Gossypium herberius)નાં કાલાં, કપાસના મૂળ, પાણીનો ઉપયોગ

**Detail**
પશુને મેલી ન પડે ત્યારે પશુ ગમગીન બની જાય છે, હલનચલન ઓછું કરે છે, પશુ ખાવાનું અને વાગોળવાનું ઓછું કરી દે છે, બચ્ચાંનાં વિયાણ બાદ પશુની યોનિના બહારના ભાગમાંથી મેલી લબડતી દેખાય છે, ઘણીવાર આ મેલી પશુના પાછલા પગની ઘૂંટણ સુધી લબડતી હોય છે, યોનિ બહારથી ફૂલી જાય છે, પેશાબની સાથે લોહીવાળું અને ગંધાતું પ્રવાહી નીકળે છે, પશુને ક્યારેક તાવ પણ આવે છે અને પશુ બેચેની અનુભવે છે.
વિયાણના ૪થી ૬ કલાકમાં પશુને મેલી ન પડે તો તેની ઝેરી અસર પશુને થાય છે અને તેને પરિણામે પશુનું મૃત્યુ પણ થાય છે. તેથી જો બે-ચાર કલાકમાં તેની મેલી ન પડે તો પાડવા માટેનાં ઉપચાર કરવા જરૂરી છે.

પશુને વિયાણ બાદ ચાર થી છ કલાકમાં સામાન્ય રીતે મેલી ન પડે (Retension of Placenta) તો ખેડૂતો ઘરગથ્થુ ઉપચારો કરતા હોય છે.
પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના ધામણીયા ગામના ખેડૂત શ્રી લાલાભાઈ કાળાભાઈ વણકર કપાસના કાલા અને મૂળનો ઉપયોગ કરે છે.
ખેડૂતના જણાવ્યા મુજબ ૫૦૦ ગ્રામ કપાસ (Gossypium herberius)ના કાલાં અને ૫૦૦ ગ્રામ કપાસનાં મૂળને વાટી દોઢ લિટર પાણીમાં દ્રાવણ એક લિટર રહે ત્યાં સુધી ઉકાળવામાં આવે છે. આ દ્રાવણ હૂંફાળું હોય ત્યારે પશુને અડધા લિટર મુજબ એક એક કલાકના અંતરે બે વખત પીવડાવવાથી ફાયદો થાય છે. આ પદ્ધતિ છેલ્લા ૧૦ વર્ષથી પરંપરાગત રીતે જ ગામના ખેડૂતો જરૂર પડયે અપનાવે છે.

આ પદ્ધતિ ઘરડા લોકો પાસેથી શીખેલ છે.
આ પદ્ધતિનો વિચાર ઉત્તરદાતાને પોતાની ભેંસને મેલી ન પડી હોવાથી તેઓને ઘરડા લોકો પાસેથી શિખેલ પદ્ધતિનો ઉપયોગ કર્યેથી સારું પરિણામ મળવાથી તકલીફમાંથી છુટ્ટી મળી જાય છે.
આ પદ્ધતિમાં ખર્ચ કરવો પડતો નથી અને સારવાર મેળવી શકાય છે.
આ પદ્ધતિમાં કોઈપણ પ્રકારની આડઅસર થતી નથી. અને પશુને મેલી ન પડતી હોય તો મેલી પડી જાય છે અને પશુ આરામ અનુભવે છે.

અન્ય ઉપયોગ કર્તાઃ
વણકર કાંહ્યાભાઈ ટોયાભાઈ
વણકર દાંનાભાઈ વેચાતભાઈ
વણકર ડાહ્યાભાઈ મૂળાભાઈ
ઉત્તરદાતા આ પદ્ધતિ ઘરપૂરતી કરે છે અને લોકોને જરૂર હોય તો દવા બતાવે છે. ઉપર દર્શાવેલ નામવાળી વ્યક્તિઓએ ઉપયોગ કરેલ છે.

(નોંધઃ- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૧૯-૫-૨૦૦૬માં કાન્તિભાઈ. આર. પરમારે કરેલ છે.)

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** કપાસ (Gossypium herberius)નાં કાલાં, કપાસના મૂળ, પાણી

**IPR Status**

**Keywords** પશુ, વિયાણ, મેલી,જર, (Retension of Placenta), કપાસ, (Gossypium herberius),કાલાં, કપાસ, મૂળ, પાણી, પંચમહાલ

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૩૮૩૮ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | લાલાભાઈ | Middle Name | કાળાભાઈ | Last Name | વણકર |
| Profession | ખેતી, પશુપાલન | Designation | ખેડૂત, પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મું. ધામણીયા, પો. હાથીવન | | | Taluka | લુણાવાડ |
| District | Panchmahals | State | Gujarat | Country | India |

Biography

ખેડૂતનો પરિચય:
વણકર લાલાભાઈ કાળાભાઈની ઉંમર ૫૨ વર્ષ છે. તેઓ અભ્યાસમાં ધોરણ પાંચ સુધી ભણેલા છે. તેઓને સંતાનમાં બે છોકરાં છે. ૧ છોકરો શિક્ષક છે. અને ૧ છોકરો C.R.P.Fમાં સર્વિસ કરે છે. છત્રિસગઢમાં જમીન ૩ એકર સાડાચાર વિઘા છે. પિયત છે. પાકમાં મકાઈ, મગ, તુવેર, કપાસ જેવા પાકો થાય છે. જમીન સમતલ તથા ગોરાળુ કાળા રંગની છે.ગામમાં સામુહિક ઉત્સવોમાં લગ્ન પ્રસંગો ઉજવાય છે.

ગામનો પરિચય:
ગામમાં અંદાજે ૩૦૦ ઘરની વસ્તી છે. વણકર, પટેલ, સોલંકી, બારિયા, હજુરી જેવી જાતિના લોકો વસે છે. નોકરિયાત વર્ગ ગામમાં બિલકુલ ઓછો છે. ગામમાં પાનમ કેનાલ વહેતી હોવાથી લોકો ખેતી મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ગામમાં હાઈસ્કૂલ, પ્રાથમિક શાળા, બાલવાડી છે. પંચાયત છે. પોસ્ટ ઓફિસ જેવી અન્ય કોઈ મોટી સુવિધા નથી. ઝાડમાં લીંબડા, આંબલી, આંબા જેવા ઝાડ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૧૭૦ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | કાન્તિભાઈ | Middle Name | રત્નાભાઈ | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ચારણવાડા, પો. વરથું | | | Taluka | મોડાસા |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | GUJ૦૦૨૦૦૦૦૦૦૦૦૫૫ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | પ્રવિણભાઈ | Middle Name | નાથાભાઈ | Last Name | વણકર |
| Profession | ખેડૂત | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ધામણિયા | | | Taluka | લુણાવાડા |
| District | Panchmahals | State | Gujarat | Country | India |
| Biography | | | | | |